જેજેવંતીની વારતા.

ભાગ પહેલો.

દરેક સ્ત્રીપુરૂષને વાંચવા માટે

છપાવી પ્રસીદ્ધ કરનાર.

ઠકર. ત્રીભોવનદાસ વીઠલદાસ.

ભાવનગર.

અમદાવાદ.

"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ" પ્રેસ.

સંવત ૧૯૪૬—૧૮૯૦

કીંમત ૬ પાઈ.

જેજેવંતીની વારતા.

ભાગ ૧ લો.

મદનપુરી કરીને એક સુંદર શેહેર હતું. આનો રાજા મદનસેન કરીને હતો. આ રાજા ઘણોજ દયાળુ અને નીતિમાન હતો, તેને સાત રાણીઓ હતી. પરંતુ એકે સંતાન નહોતું. તે સાત રાણીઓમાં એક માનીતી રાણી હતી. તેનું નામ ચંદાગૌરી કરીને હતું. હવે તેજ ગામમાં મુળશંકર નામે એક ઘણોજ દરિદ્ર બ્રાહ્મણ રહેતો હતો. તેને ૭ છોકરા અને ત્રણ છોકરી મળી નવ છોકરાં હતાં પણ તેમને પૂરૂં ખાવા પણ મળતું નહીં. ને બ્રાહ્મણ હમેશાં મહાદેવજીની પુજા કરતો. એક દહાડો ભૂખથી કંટાળી તેની સ્ત્રી દેવકોરે કહ્યું. "સ્વામીનાથ? આપ ઘણાં વરસથી મહાદેવની પુજા કરો છો પણ તે કાંઈ પ્રસન્ન થયા નહીં. તેથી હવે કાંઈ ઉપાય કરો તો ઠીક." ત્યારે મુળશંકર મહારાજે કહ્યું. ઠીક, હું કટાર ખાઈને

મહાદેવને હત્યા આપવા જાઉંછું. તેની સ્ત્રીએ ન જવા બાબત ઘણા કાલાવાલા કર્યા, તોપણ તેણે માન્યું નહીં, અને કટાર લઈ મહાદેવના દેરા તરફ ચાલ નીકળ્યો.

હવે અહીં આગળ મહાદેવજીએ વિચાર કીધો કે આ બ્રાહ્મણ મને નકી હત્યા દેશે માટે તેને કાંઈ આપવું જોઈએ, એવું ધારી એક અમુલ્ય રત્ન પોતાના થાળામાં પ્રગટ કર્યું. એટલે બ્રાહ્મણ પણ ત્યાં આવી પહોંચ્યો. અને જેવો કટાર પોતાના પેટમાં મારવા જાય છે તેવીજ તેની નજર પેલા રતન પર પડી. એટલે કટાર એક તરફ ફેંકી દીધો. અને તે રતન લઈ પોતાને ઘેર આવી પહોંચ્યો. અહીં તેની સ્ત્રી દેવકોર તેની વાટ જોઈનેજ બેઠી હતી, તેને આવતો જોઈ તે એકદમ ઉઠી અને તેને પૂછ્યું કે સ્વામીનાથ! શું લાવ્યા. મુળશંકરે હર્ષભેર પેલું રતન બતાવ્યું. આથી દેવકોર બહુજ રાજી થઈ. અને કહ્યું કે આનું જે ઉપજે તે લઈ આવો કે જેથી અન્ન ભેગાં થઈએ. તે સાંભળી મુળશંકર ચાલી નીકળ્યો. જતાં જતાં વિચાર કીધો કે આ

રતન જો મદનસીંહ મહારાજને આપ્યું હોય તો
આપણી તો ભવની ભૂખ ભાગી જાય. એવું વિ-
ચારી તે કચેરીમાં ગયો. જઈને પેલુ રતન મદ-
નસિંહને ભેટ કર્યું રાજા તે જોઈ બહુજ ખુશી
થયો. અને તેને પૂછ્યું કે તું ક્યાંથી લાવ્યો. તે-
ણે સઘળી હકીકત રાજાને કહી. રાજાએ તે સાં-
ભળી, ખુશી થઈને એક લાખ રૂપૈઆની ચિઠ્ઠી ક-
રી આપી તેથી તે બ્રાહ્મણ એક લાખ રૂપૈઆ
લઈ ઘેર ગયો. રાજા પણ કચેરી બરખાસ્ત કરી
ચંદાગૌરીના મહેલમાં ગયો આ વખતે ચંદાગૌ-
રી નહાતી હતી. રાજાએ જઈ તેને કહ્યું કે આ
રતન હું તારે માટે લાવ્યો છું. ચંદાગૌરીએ કહ્યું
કે રૂમાલમાં વીંટીને પેટી ઉપર મૂકો. મદનસિંહ તે
રતન પેટી ઉપર મૂકી દૂર ગયો. થોડીવારે ચંદા-
ગૌરી નહાઈ ને જેવી રતન લેવા જાય છે કે એ-
ક અજાયબ દેખાવ તેની નજરે પડયો. અહા-
હા! પરમેશ્વરની ગતિ કેવી છે? તેનો કોણ પાર
પામી શકે છે? કોઈજ નહીં. જેવી ચંદાગૌરી ર-
તન લેવા જાય છે કે એક તેજસ્વી છોકરો તે રૂ-
માલમાં રમતો દીઠો. તેવીજ એકદમ ચંદાગૌરી-

એ હર્ષની ચીસ પાડી કે દાસી? તેવીજ દાસી દો-
ડી આવી, અને ગભરાતી પુછવા જાય છે, પણ
ત્યાર પહેલાં ચંદાગૌરીએ કહ્યું, જો, જો, આ રત
નનો છોકરો બની ગયો છે માટે રાજા સાહેબને
વધાઈ કહે દાસી હરખાતી હરખાતી રાજા પાસે
આવી અને કહ્યું કે મહારાજા સાહેબ પેલા ર-
તનનો કુંવર બની ગયો છે માટે જોવા પધારો
રાજા ઘણુંજ આશ્ચર્ય પામી જોવા ગયો તો ખ-
રેખર કુંવર દીઠો તેથી પરમેશ્વરનો ઉપકાર મા-
નવા લાગ્યો અને મુળશંકર મહારાજને તેડવા દા-
સીને મોકલી દાસી મુળશંકર મહારાજને ઘેર આ-
વીને મુળશંકરને કહે છે કે ચાલો તમને મહારાજા
સાહેબ બોલાવે છે. આ સાંભળી મુળશંકરની કા-
છડી છુટી ગઈ અને પાઘડી પણ પડી ગઈ. અ-
ને બહુજ બીક લાગી કે મારા રતનમાંથી કાંઈ
પણ વિઘન થયું હશે પણ પછી દાસીએ ખુલાસો
કર્યો તેથી મુળશંકર સારાં લુગડાં પહેરી ટીપણું
લઈને દાસીની જોડે મદનસીંહ મહારાજ પાસે આ-
વ્યા. તેમને યોગ્ય આસન આપી સઘળી હકીકત
કહી તેની જન્મોતરી કરવા ફરમાવ્યું તેણે સઘુ-

જ સરસ જોગમાં જન્મ થયો તેથી બહુ પ્રાક્રમી થશે વગેરે સારા જોશ જોઈ દીધા. અને તેનું નામ રતનસીંહ પાડયું રાજા ઘણોજ ખુશી થઈ તેને અખુટ દોલત આપી રવાના કીધો. મહારાજે તે વાત આખા શહેરમાં ફેલાવી દીધી તેથી સર્વને ઘણો આનંદ થયો. પણ પેલી ૭ અણુમાનીતી રાણીઓ તથા મદનસીંહના ભાયાત વગેરે ના ખુશી થયા અને રતનસીંહને કોઈ વખત લાગ તપાશી મારી નાખવાનો વિચાર કીધો.

હવે આ કુંવર તો દહાડે દહાડે વધવા માંડયો. તેમ તેજમાં પણ વધારો થવા લાગ્યો. પાંચ વર્ષનો થયો એટલે તે કચેરીમાં આવવા માંડયો. હવે એક દિવસ મદનસિંહે વિચાર્યું કે કુંવરનું વેવીશાળ કરવું કારણ કે આપણી વૃદ્ધા અવસ્થા છે માટે કાલ કોણે દીઠી છે. એમ વિચારી મુળશંકરને અખુટ દોલત આપી રતનસીંહનું વેવીશાળ કરવા મોકલ્યો. તેને ભલામણ દીધી કે વેવાઈનો રાજ દરબાર આપણા જેવોજ, વળી કન્યા રતનસિંહના જેવી ચતુર તથા રૂપાળી, એવી રીતે જોઈને

વેવીશાળ કરવું. વાર કહી ભટજી ચાલી નીકળ્યા ચાલતાં ચાલતાં ઘણે દુર નીકળી ગયા. પણ કોઇ ઠેકાણું નજરમાં આવે નહીં. છેવટ સૂર્યપૂર કરીને શહેર હતું ત્યાં આવ્યા. ગામમાં જઈ પ્રધાનને ઘેર ઉતારો કરયો. પોતે બધું ગામ જોયું તો બહુજ સરસ છે. એવું જોણી પ્રધાનને પૂછયું કે આ ગામના રાજા સૂર્યસિંહને કેટલાં સતાન છે? પ્રધાને કહ્યું ફકત એકજ કુંવરી છે તેનુ નામ જેજેવંતી કરીને છે. મુળશંકરે પૂછ્યું તેં પરણેલ છે કે કુંવારી? પ્રધાને કહ્યું હજી તેનું વેવીશાળ પણ કર્યું નથી. પછી મુળશંકર, પ્રધાનની જોડે કચેરીમાં ગયો. ત્યાં જઈ સૂર્યસિંહને કહ્યું કે હું મદનપૂરના રાજા મદનસેનના કુંવર રતનસીંહનું વેવીશાળ કરવા આવ્યો છું પણ કોઈ ઠેકાણું નજરમાં આવ્યું નહીં તેથી છેવટ અહીં આવ્યો છું માટે તમારી કુંવરી જેજેવંતીનું વેવીશાળ કરવું છે? સૂર્યસિંહે કહ્યું મહારાજા! એ તો ઠીક, પણ મેં મદનપુર, કે મદનસીંહ, કે રતનસિંહ, કે રૈયત વગેરે કાંઈજ દીઠું નથી, માટે મારાથી

હા કેમ કહેવાય? માટે કાંઈ ઉપાય કરો ને અમો-
ને પ્રસન્ન પડે તો કરીએ. મૂળશંકરે કહ્યું મહા-
રાજ? એવો તે શું ઉપાય કરૂં? થોડીવારે સૂર્યસિં-
હે વીચારીને કહ્યું, મારો મેહેલ ચાર વરસથી ચ-
ણાતો હતો. તે હાલમાં પુરો થયો છે તેમાં ત-
મારા રાજના તમામ ભાગનું રૈયતનું રાજાનું કું-
વરનું વગેરેનું ચિત્ર પાડો, અને તે જોઈને અમે
જવાબ આપીએ તેણે ઘણી ખુશીથી કબુલ કીધું
રાજાએ રંગ મંગાવી આપ્યો, તે લઈ તે ચીત-
રવા ગયો. વીશ દિવસ થયા એટલામાં મુળશંકરે
બધું ચીતરી આપ્યું અને રાજાને કહેવરાવ્યું કે
જોવા પધારો બીજે દહાડે પોતાના તમામ માણ-
સોને લઈને સૂર્યસિંહ તે ચિત્રો જોવા ગયો, તે જો-
તાં સૂર્યસિંહ એટલો બધો ખુશી થયો કે તેણે જે
જેવંતીનું વેવીશાળ કરવાનું કબુલ કીધું બીજે
દહાડે તે પોતાની રાણી વિજયકુંમારીને મહોલે
આવ્યો. વિજયકુમારી પણ ચિત્રો જોઈને બ-
હુજ ખુશ બની ગઈ હતી. તેથી તેણે સૂર્યસિંહને
કહ્યું, સ્વામીનાથ જેજેવંતીને લાયક તે ઠેકાણું છે.

માટે મારો વિચાર છે કે જેજેવંતીનું વેવીશાળ ત્યાં કર્યું હોય તો સારૂં પછી તો આપની ઈચ્છા સુર્યસિંહે કહ્યું "પ્રીયા, તું સત્ય કહે છે. જેમ તારો વિચાર છે એમ મારો પણ વિચાર છે માટે દાસીને કહે કે પ્રધાનજીને ઘેર મુલશંકર મહારાજ ઉતર્યા છે તેને બોલાવી લાવે. દાસી તે સાંભળી મુળશંકરને તેડવા દોડી ગઈ. થોડી વારમાં તે તેને તેડીને આવી રાજાએ તેને યોગ્ય આસન આપી બેસાડ્યો. અને સારૂં મુહુર્ત જોઈ જેજે વંતીનું વેવીશાળ કર્યું. હવે બીજે દહાડે મુળશંકર મદનપૂર ભણી સૂર્યસીંહની રજા લેઈને ચાલ્યો હર્ષમાં ને હર્ષમાં તે ઉતાવળો ચાલી બાર દીવસમાં મદનપૂરમાં આવી પહોંચ્યો. જતાં વેત કચેરીમાં જઈને રાજાને વધાઈ કહીને સઘળી હકીકત કહી સંભળાવી રાજાએ ખુશી થઇ તેને ઘણુંક દ્રવ્ય આપ્યું તે લઈ પોતે પોતાને ઘેર ગયો.

હવે એક દિવસ મદનસેનને કાંઈક મંદવાડ આવ્યો, તેથી પોતાના મહેલમાં ગયો. ત્યાં ચંદ્રાગૌરી તથા રતનસીંહ અને એક વિશ્વાસુ દાસી

સિવાય કોઈ હતું નહી. અને મંદવાડ પણ ઘણો વધી ગયો. કોઈ જોવા આવે તો તેને ચંદાગૌરી આવવા દે નહીં. કેમકે રતનસિંહને મારી નાખવાની તેને પૂરણ બીક હતી. જ્યારે ઘણો મંદવાડ વધી પડયો, ત્યારે દાસીને પણ રજા આપી અને કહ્યુ કે કોઈને વાત કરીશ નહીં કે રાજાને બહુ મંદવાડ છે. વારૂ બાઈસાહેબ કહી દાસી જતી રહી હવે એકાએક ઘણો માઠો બનાવ બની ગયો તે એકે મદનસેનનો આત્મા ઉપરલોકમાં ગયો, આથી ચંદાગૌરી તથા રતનસિંહ બંને એ બહુ રૂદન કરવા માંડયું પણ રડવાથી શું વળે? ચંદાગૌરીએ તે શબને નવરાવી જુદી જુદી સાત સોડ લેવરાવી એક પલંગ ઉપર સુવાર્યું. પછી સોના મહોરની કોથળીઓ તથા રતનસીંહના વેશ વાળનાં ત્રાબાંના પત્રાં લઈ, રાતની વખતે બધાં બારી બારણાં બંધ કરી ચંદાગૌરી તથા રતનસિંહે નાશી જવાના ઈરાદાથી ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં તેજ ગામમાં એક રાંડીરાંડ કુંભારણ રહેતી હતી, તેની પાસે તેઓ આવ્યાં. આ કુંભારણને ત્યાં વેપારીનાં

ગુપ્ત ગાડાં ગામે ગામનાં આવતાં હતાં. તેથી સૂર્યપુરનાં ગુપ્ત ગાડામાં બેશી નાશી જવાના ઈરાદાથી આવ્યાં. હવે તેઓ આવ્યાં ત્યારે કુંભારણુ જાગતી હતી. તેથી તેની આગતાસ્વાગતા કરીને આવવાનું કારણ પૂછ્યું તેણે સઘળી હકીકત કહી તેથી તે ઘણી દિલગીર થઈ અને ગુપ્ત ગાડામાં બેસાડી નસાડી દીધાં. તેઓ દશેક દહાડે સૂર્યપૂર આવી પહોંચ્યાં.

આ વાત અહીં રહેવા દઈ મદનપુર તરફ ફરીએ. સવાર થતાં મદનસેનને જોવા માટે પ્રધાન તથા મદનસેનના ભાયાતો વગેરે ગયા, ત્યાં બારણાં બંધ દીઠાં તેથી તેઓએ કુંચીઓ લાગુ કરી સઘળાં બારી બારણાં ઉઘાડયાં. ઉપર જઈને જુવે છે તો પલંગપર મદનસેનનું શબ દીઠું, પણ ત્યાં કોઈ માણુસ ન હોવાથી ઘણી એક શોધ કરી પણ ક્યાંય પતો લાગ્યો નહીં. પછી મદનસેનના શબને અગ્નીદાહ દીધો અને તેના ભાયાતમાં એક છોકરા રામસીંગ નામે લુલો, બાડો, મુંગો, ઠુંઠો, વગેરે ખોડવાળો હતો તેને ગાદીએ બેસાર્યો.

વાંચનાર! આપ જાણતા હશો કે ચંદાગૌરી તથા રતનસિંહ સૂર્યપૂરમાં ગયાં છે. ત્યાં જઈ તેઓએ એક ઘર ભાડે રાખ્યું અને રતનસિંહ નિશાળે જવા માંડયો. હવે જે નિશાળે રતનસિંહ જતો હતો તેજ નિશાળે જેજેવંતી પણ ભણવા માટે જતી હતી. તેઓને અરસ પરસ મિત્રાચારી થઈ, રતનસિંહે તેને પોતાનો હેવાલ કહ્યો પણ જેજેવંતીને ખબર નહોતી કે પોતાનું વેવીશાળ તેની સાથેજ થએલું છે, તેઓને ઘણી દોસ્તી હોવાથી રતનસિંહ વિદ્યાભ્યાસ કરવા સારૂ હમેશાં જેજેવંતી પાસે જતો, એવી રીતે તેઓ બંને એ વિદ્યા શીખવાનું શરૂ કીધું.

હવે મદનપુરમાં એવો બનાવ બન્યો કે રામસીંહના પિતા ભીમસિંહે વિચાર કીધો કે રતનસિંહનું વેવીશાળ મુળશંકર કરી આવ્યો છે માટે તેની સાથે રામસિંહના લગ્ન સમજવા મોકલીએ. એવો વિચાર કરી મુળશંકરને તે વાત કહી. મુળશંકરે વિચાર્યું કે આપણે જેનું નિમક ખાધું અને જેના પ્રતાપથી સુખ ભોગવીએ છીએ તેનું આ પ્રમાણે

કરવું, એ વાજબી નહીં. પણ હાસતો જેને ગાડે બેઠાં તેનાંજ ઘોળ ગાવાં, એમ વિચારી હા કહી અને જોઈતું ધન લઈ મુળશંકર સુર્યપૂર તરફ ચાલી નીકળ્યો. સૂર્યપૂરમાં જઈ પ્રધાનને ઘેર ઉતારો કર્યો સવાર થતાં કચેરીમાં જઈ સૂર્યસિંહને કહ્યું, મહારાજ, મદનસિંહ મહારાજે મને લગ્ન સમજવા મોકલ્યો છે. માટે આપનો વિચાર હોય તે કહો. બહુ સારૂં કહી જોશ જોવા કહ્યું તે જોઈ મહાશુદી પુનેમનાં લગ્ન સારાં આવે છે. માટે તે દિવસનાં રાણીએ સૂર્યસિંહે કબુલ કર્યું અને લગ્નની તૈયારી કરવા માંડી મુળશંકર પણ મદનપુર તરફ વિદાય થયો. કચેરીમાં આવી વધામણી કહી અને કહ્યું કે મહાશુદી પુનમનાં લગ્ન ઠરાવ્યાં છે માટે તૈયારી કરો. આ સાંભળી સર્વે ખુશી થયા. અને મહારાજને ઘણું ઈનામ આપ્યું. અને જાનની તૈયારી કરવા માંડી.

હવે સૂર્યપૂરમાં રતનસિંને ખબર પડી કે જેજેવંતીનું લગ્ન સમજી ગયો છે. માટે મારી અાને બીજો લઈ જાય એ અઘટિત કહેવાય તેથી

તેણે જેજેવંતીને કહ્યું કે તમારાં લગ્ન કયે ગામ થવાનાં છે. તેણે કહ્યું મદનપુરના રાજાના કુંવર સાથે. રતનસિંહે પૂછ્યું કે તેને તમે ઓળખતાં નહીં હો પણ તે બધાનાં ચિત્ર તમારા મહેલમાં છે તે મારે જોવાં છે તેઓ જઈને જુવે છે એટલે રતનસિંહે ચિત્રમાં પાડેલો રતનસિંહ બતાવી કહ્યું. આની સાથે તમારાં લગ્ન થવાનાં છે. પણ તેતો હુંજ આ રહ્યો. જો તેનું મોઢું મારા મોઢાને મળતું છે કે નહીં. તેણે બરાબર ઓળખ્યો પછી રતનસિંહના કહેવાથી બંને જણ પુરૂષનો પોશાક પહેરી ઘોડા પર ચડી નાશી ગયાં.

હવે અહીં આગળ રામસિંહની જાન સૂર્યપૂરને સીમાડે આવી પહોંચી. તે જોવાને આખા શેહેરનાં માણસ ગયાં. પણ ચંદાગૌરી તો ખૂબ રડે છે. રાજાએ સામૈયું કર્યું. પણ તે પોતાના (જમાઈ રામસિંહને) જોઈ મુળશંકર ઉપર બહુજ રીસ ચડી પણ શું કરે? જાનને માંડવામાં આણી જેજેવંતીને પધરાવવાનો વખત થયો તેનથી તેની મેડીએ દાસીને બોલાવવા મોકલી. દાસી ઉપર

જઈને જુવે છે તો જેજેવંતી મળે નહીં તેથી એકદમ રાજા પાસે આવી કહ્યું કે નથી, રાજા ગભરાટમાં પડ્યો અને ઉપર જોવા ગયો.

વાંચનાર સાહેબો, સબુર કરો આ વાર્તામાં જેજેવંતી તથા રતનસિંહનું શું થાય છે. તથા પેલી જાનનુ શું થયું એ બધું જાણુવાની ઈચ્છા હોય તો વાંચો જેજેવંતીની વાર્તા ભાગ ૨ જો તે થોડી મુદતમાં છપાઈ બહાર પડશે. ભૂલચૂક માફ કરશોજી.

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થનારનાં મુબારક નામ.

૧૦૦ મોદી મગનલાલ જેચંદ ભાવનગર.
૧૦૦ મણીઆર ગુલાબદાસ કહાનદાસ. ,,
૧૦૦ બદેકા જીવણરામ ગૌરીશંકર. ,,
૫૦ મીસ્ત્રી નથુ ગોબર.
૨૨ ઠકર ખીમજી રામજી ચલાળાવાળા.

—o*o—

આ ચોપડી નીચે લખેલે ઠેકાણેથી રોકડી કીંમતે મળશે.

ભાવનગર—પ્રસિદ્ધ કર્તા પાસેથી. ઠેકાણું સ્ટેશન ઉપર દુકાને તથા ઉપર લખેલા શખ્સો પાસેથી રોકડી કીંમતે મળશે. યોગ્ય કમીશન આપવામાં આવશે. નોટપેડ કાગળ લેવામાં આવશે નહીં.

ઠા. ત્રીભોવન વીઠ્ઠલદાસ.
ભાવનગર.

સુચના.

મણીઆર બાલુભાઇ કહાનદાસનાં પ્રગટ કરેલાં પુસ્તકોની યાદી.

	રૂ. આ. પા.
હમીરરાજ ચૌહાણ.	૦—૮—૦
રાણકદેવી રાહખેંગાર.	૦—૮—૦
ગોપીચંદનાં ગાયન.	૦—૨—૦
સીદ્ધરાજ જયસીંહ ગાયન.	૦—૨—૦
ઉદેપૂરના રાણા પ્રતાપસીંહનાં ગાયન.	૦—૨—૦
જોધપુરના રાઠોડ કરણસીંહનાં ગાયન.	૦—૨—૦
દેશાઇજી હરીપ્રસાદ વીરહ.	૦—૧—૦

ઉપરનાં પુસ્તકો તથા બીજી હરેક જાતનાં પુસ્તકો ગુજરીમાં મણીયાર ગુલાબદાસ કહાનદાસ પાસેથી રોકડી કીંમતે મળશે.

ભાવનગર.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ટોપી અલગ થનાર પાસેથી રૂ. ૦-૮-૦ [illegible]

રૂ. ૦-૫-૦ પહોંચ [illegible]

નામ ઠામ લખીને શીરનામે લખવા [illegible]

[illegible] કાગળ લેવામાં આવશે નહીં.

(સહી) ડા. ભીકમજી વીઠલદાસ.

ખુરેશી રેહેમાન રાયમલ.

ઠેકાણું ખુરશી બજાર.

ભાવનગર.